# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 15-05-2026** **EVENING: 7.50 TO 8.00**

**DAY :FRIDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર યશવી મેહતા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વિદેશ પ્રવાસના બીજા તબક્કામાં નેધરલેન્ડસ જવા રવાના.

2) પ્રધાનમંત્રીએ તાજેતરમાં UAE પર થયેલા હુમલાઓની ટીકા કરી.

3) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું ભારત હવે ગંભીર સુરક્ષા પરિસ્થિતિઓમા અન્ય દેશો પર નિર્ભર ન રહી શકે.

4) દેશભરમાં નીટ યુજીની પુનઃપરીક્ષા આગામી 21 જૂને યોજાશે.

5) આરજી કર મેડિકલ કોલેજ દુષ્કર્મ કેસ મામલે સંદર્ભમાં પશ્ચિમ બંગાળ સરકારે ત્રણ IPS અધિકારીઓને સસ્પેન્ડ કર્યા.

6) IPL ક્રિકેટમાં, આજે લખનઉ સુપર જાયન્ટ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો.

……………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે **<u>સવારે 7 વાગીને 10 મિનિટે</u>** પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# EVE PM -UAE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અબુ ધાબીમાં સંયુક્ત આરબ અમીરાતના રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે વાતચીત કરી. તેઓ યુએઈ અને યુરોપને આવરી લેતા પાંચ દેશોના પ્રવાસના પ્રથમ તબક્કામાં આજે સવારે યુએઈ પહોંચ્યા હતા. વિમાનમથક પર UAEના રાષ્ટ્રપ્રમુખ દ્વારા તેમનું ઔપચારિક સ્વાગત કરાયું. બંને નેતાએ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ સાથે જોડાયેલા વૈશ્વિક પુરવઠા વિક્ષેપો વચ્ચે ઉર્જા સહયોગ અને દ્વિપક્ષીય વેપારમાં વધારો અંગે ચર્ચા કરી હતી. તેમના પ્રારંભિક સંબોધનમાં, શ્રી મોદીએ યુએઈ પર તાજેતરના હુમલાઓની સખત ટીકા કરી, તેમને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવ્યા હતા.

**[S/B- PM - UAE ATTACK ]**

મુલાકાત દરમિયાન, UAE ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાને શ્રી મોદીને સેરેબ્રાસ ચિપ ભેટમાં આપી હતી. આ અદ્યતન ચિપ્સ ભારતની આગામી 8 એક્સાફ્લોપ સુપરકોમ્પ્યુટિંગ સુવિધાને શક્તિ આપવા માટે તૈયાર છે. સાથે જ શ્રી મોદીએ રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદને વહેલી તકે ભારતની મુલાકાત લેવા માટે આમંત્રણ પણ આપ્યું.

UAE ની મુલાકાત પૂર્ણ કર્યા પછી, પ્રધાનમંત્રી હવે તેમની મુલાકાતના બીજા તબક્કામાં નેધરલેન્ડ જઈ રહ્યા છે. ત્યારબાદ શ્રી મોદી છ દિવસના પ્રવાસ દરમિયાન સ્વીડન, નોર્વે અને ઇટાલીની મુલાકાત લેશે.

# PM UAE MoU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંયુક્ત આરબ અમીરાત UAEના પ્રવાસ દરમિયાન બંને દેશે ઉર્જા અને આર્થિક સહકારને નવી શક્તિ આપવા અનેક મહત્વના કરાર અને પહેલ પર સંમતિ દર્શાવી. અબુધાબીમાં પ્રધાનમંત્રી અને UAEના રાષ્ટ્રપ્રમુખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાનની બેઠક બાદ પ્રધાનમંત્રી કાર્યાલય – PMO દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, બંને નેતાઓએ ઇન્ડિયન સ્ટ્રેટેજિક પેટ્રોલિયમ રિઝર્વ લિમિટેડ અને અબુધાબી નેશનલ ઓઈલ કંપની વચ્ચે થયેલા વ્યૂહાત્મક સહકારના કરારનું સ્વાગત કર્યું. તે અંતર્ગત ભારતના વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારમાં યુએઈની ભાગીદારી વધારીને 30 મિલિયન બેરલ કરાશે.

દરમિયાન યુએઈની સંસ્થાઓ દ્વારા ભારતમાં પાંચ અબજ ડૉલરના રોકાણની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રવાસ દરમિયાન કોચિન શિપયાર્ડ લિમિટેડ અને ડ્રાઈડોક્સ વર્લ્ડ દુબઈ વચ્ચે ગુજરાતના કોડિનારમાં જહાજ સમારકામ ઘટક સ્થાપિત કરવા અંગે પણ સમજૂતી કરાર કરાયા.

# RAJNATH SINGH- DEFENCE PROJECTS

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુ સાથે આજે શ્રી સત્ય સાંઈ જિલ્લાના પુટ્ટપર્થી ખાતે એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) પ્રોગ્રામ સુવિધાનો શિલાન્યાસ કર્યો.Z

આ પ્રસંગે શ્રી રાજનાથ સિંહે કહ્યું કે આંધ્ર પ્રદેશ ભારતના આત્મનિર્ભર ભારત અને મેક ઇન ઇન્ડિયા સંરક્ષણ વિઝનના મુખ્ય સ્તંભ તરીકે ઉભરી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે નવા શરૂ કરાયેલા સંરક્ષણ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવશે, ઔદ્યોગિક વિકાસને વેગ આપશે અને યુવાનો માટે મોટા પાયે રોજગારીની તકો ઉભી કરશે.

શ્રી સિંહે કહ્યું કે ભારત હવે ગંભીર સુરક્ષા પરિસ્થિતિઓમાં અન્ય દેશો પર નિર્ભર રહી શકે નહીં. તેમણે ભાર મૂક્યો કે સાચી રાષ્ટ્રીય સુરક્ષા, આત્મનિર્ભરતા પર આધારિત હોવી જોઈએ.

સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) હેઠળ એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા વિકસાવવામાં આવી રહેલી એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) પ્રોગ્રામ સુવિધા, ભારતના સ્વદેશી પાંચમી પેઢીના સ્ટીલ્થ ફાઇટર એરક્રાફ્ટ પ્રોગ્રામ માટે એકીકરણ, વિકાસ અને ફ્લાઇટ પરીક્ષણ કેન્દ્ર તરીકે સેવા આપશે.

**(બાઇટ- રાજનાથ સિંહ)**

# JAISHANKAR-UGANDA-- MALAYSIA

નવી દિલ્હીમાં ચાલી રહેલ બ્રિક્સ ઈન્ડિયા 2026- વિદેશ મંત્રીઓની બેઠકના બીજા દિવસે આજે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર, યુગાન્ડાના તેમના સમકક્ષ ઓડોંગો જેજે અબુબખરને તેમજ મલેશિયાના વિદેશ મંત્રી મોહમ્મદ હસનને મળ્યા. ડૉ. એસ. જયશંકરે બેઠક દરમિયાન ઈરાન, યુગાન્ડા અને ક્યુબાના વિદેશ મંત્રીઓને પણ મળ્યા.સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે કહ્યું કે લાંબા સમયથી ચાલતો ભારત-યુગાન્ડા સહયોગ આગળ વધી રહ્યો છે. તેમણે કહ્યું કે બંને નેતાઓએ ખાદ્ય અને આરોગ્ય સુરક્ષા, તેમજ ટેકનોલોજીના ઉપયોગ અને ભારતીય સમુદાય અને વ્યવસાયો દ્વારા સક્ષમ મજબૂત સંબંધો સહિતના અનુભવો અંગે ચર્ચા કરી હતી.

મલેશિયાના તેમના સમકક્ષ સાથે કરેલી વાતચીત અંગે શ્રી જયશંકરે કહ્યું કે તેમણે બંને દેશો વચ્ચે વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીની પ્રગતિની સમીક્ષા કરી, જેમાં આ વર્ષની શરૂઆતમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મલેશિયાની મુલાકાતના પરિણામો અંગેની ચર્ચાનો સમાવેશ થાય છે.

બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકના સમાપન પછી નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા, વિદેશ મંત્રાલયમાં સચિવ (આર્થિક સંબંધો) સુધાકર દાલેલાએ કહ્યું કે, બ્રિક્સના બધા સભ્યો અને ભાગીદાર દેશો "સ્થિતિસ્થાપકતા, નવીનતા, સહકાર અને ટકાઉપણું નિર્માણ" વિષયવસ્તુ હેઠળ ભારતની અધ્યક્ષતા પ્રાથમિકતાઓની પ્રશંસા કરે છે અને તેમને સમર્થન આપે છે.

# IRAN – FM

બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા નવી દિલ્હી પહોંચેલા ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ કહ્યું છે કે ભારત પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી શકે છે. આજે નવી દિલ્હીમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી અરાઘચીએ કહ્યું કે ઈરાન હોર્મુઝ સામુદ્રધુનીમાંથી બધા જહાજોને પસાર કરવામાં મદદ કરવા તૈયાર છે. શ્રી અરાઘચીએ કહ્યું કે હોર્મુઝ સામુદ્રધુનીમાં પરિસ્થિતિ હવે ખૂબ જ જટિલ બની ગઈ છે. તેમણે કહ્યું કે પશ્ચિમ એશિયાના સંકટનો વાતચીત સિવાય હવે કોઈ ઉકેલ નથી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ [newsonair.gov.in/](newsonair.gov.in/)સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

------------------------------------------------------------------------------

# SEMI HIGHSPEED CORRIDOR

કેન્દ્ર સરકારમાં અમદાવાદ-ધોલેરા વચ્ચે દેશના પ્રથમ સેમિ-હાઈસ્પીડ રેલવે કોરિડોર બનાવવાને મંજૂરી આપી છે. હવાઈ, માર્ગ, રેલવે અને બંદરના સંગમથી ધોલેરાનો સર્વાંગી વિકાસ થશે. ગુજરાતના ગાંધીનગરમાં આ અંગે પત્રકાર પરિષદમાં માહિતી આપતા ગુજરાતના મુખ્યસચિવ એમ. કે. દાસે આ પરિયોજના ધોલેરા સ્માર્ટ સિટીના સર્વાંગી વિકાસ માટે ગેમ ચેન્જર સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું, અંદાજે 20 હજાર 667 કરોડ રૂપિયાના ખર્ચે વિકસિત થનારા 134 કિલોમીટરના આ રેલવે કોરિડોરથી નમો ભારત ટ્રેનનું સંચાલન કરાશે. આ પરિયોજના આગામી ચાર વર્ષમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રખાયો છે.

અમદાવાદ મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશે કહ્યું, આ પરિયોજનાથી મુસાફરોને ઝડપી, સલામત અને આધુનિક મુસાફરી સુવિધા મળશે તેમજ વિસ્તારમાં ઉદ્યોગ, લોજિસ્ટિક્સ અને રોજગારમાં પણ નવી ગતિ મળશે.

ઉલ્લેખનીય છે કે, આ પરિયોજનાથી અંદાજે 284 ગામ અને પાંચ લાખથી વધુ વસતિને લાભ થશે.

# NEET EXAM DATE

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે વિદ્યાર્થીઓસરકારની પ્રાથમિકતા છે અને સરકાર તેમના પ્રત્યે સંવેદનશીલ છે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા શ્રી પ્રધાને જણાવ્યું હતું કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી-NTA દ્વારા NEET UG 2026 ની પુનઃપરીક્ષા 21 જૂને યોજાશે. તેમણે ઉમેર્યું હતું કે પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓને 14 જૂન સુધીમાં પરીક્ષા માટે પ્રવેશપત્ર પ્રાપ્ત થશે. શ્રી પ્રધાને ઉમેર્યું હતું કે NEET UG પરીક્ષા આગામી વર્ષથી હાલના OMR આધારિત મોડને બદલે કમ્પ્યુટર આધારિત ટેસ્ટથી  લેવાશે.

(BYTE-DHARMENDRA PRADHAN OMR SHEET)

શિક્ષણ મંત્રીએ કહ્યું કે ભવિષ્યમાં થતી અનિયમિતતાઓને રોકવા માટે પરીક્ષા પ્રણાલીને મજબૂત બનાવવા પગલાં લેવાશે અને શિક્ષણ માફિયાઓના ષડયંત્રને કારણે કોઈપણ લાયક વિદ્યાર્થી તેમના અધિકારોથી વંચિત નહીં રહે.

# WB-SUSPENSION

આરજી કર મેડિકલ કોલેજ દુષ્કર્મ મામલે  સંદર્ભમાં પશ્ચિમ બંગાળ સરકારે ત્રણ IPS અધિકારીઓને સસ્પેન્ડ કર્યા છે. કોલકતા પોલીસના ભૂતપૂર્વ કમિશનર વિનીત ગોયલ; ભૂતપૂર્વ ડેપ્યુટી કમિશનર (મધ્ય) ઈન્દિરા મુખર્જી; અને ભૂતપૂર્વ ડેપ્યુટી કમિશનર (ઉત્તર) અવિષેક ગુપ્તાને આજે ફરજમાં બેદરકારી દાખવવા, પીડિતાના માતાપિતાને પૈસા ઓફર કરવા અને સરકારી પરવાનગી વિના મીડિયા બ્રીફિંગ કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ આજે મીડિયાને માહિતી આપી હતી કે રાજ્ય સરકાર દ્વારા તેમની સામે વિભાગીય તપાસ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ઓગસ્ટ 2024માં પીડિતા ડોક્ટર પર દુષ્કર્મ કરી તેની હત્યા કરવામાં આવી હતી. જે અંગે રાજ્ય, દેશ અને વિદેશમાં ભારે વિરોધ પ્રદર્શનો થયા હતા.

# IPL CRICKET

આઈપીએલ ક્રિકકેટમાં આજે લખનઉ સુપર જાયન્ટ્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે લખનૌના અટલ બિહારી વાજપેયી લખનૌ સ્ટેડિયમમાં મેચ રમાઈ રહી છે. જેમાં લખનઉ સુપર જાયન્ટ્સએ ટોસ જીતી બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે. છેલ્લા અહેવાલ મળ્યા ત્યારે ચેન્નાઈ સુપર કિંગ્સે 4 ઓવરમાં 1 વિકેટે 31 રન બનાવ્યા છે. ઉલ્લેખનીય છે કે , હાલમાં ચેન્નાઈ સુપર કિંગ્સ 5 માં અને લખનૌ સુપર જાયન્ટ્સ 10 માં ક્રમે છે.

દરમિયાન ગઇકાલે મુંબઈ ઈન્ડિયન્સે પંજાબ કિંગ્સને 6 વિકેટથી હરાવ્યું હતું.